સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત



# 2025માં ભારતીય ક્રિકેટ

## કોહલી, રોહિતના ભાવિ પર ફોક્સ સાથે ટીમ ઇન્ડિયા માટે ફરી સંક્રમણનો સમય




2024નો અંત યાદગાર નહી  રહ્યાની નોંધ સાથે બોર્ડર ગાવસ્ક ટ્રોફી 2024-25ની પાંચમી અને અંતિમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સા રમવા માટે ઉતરશે ત્યારે, ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમ 2025ન સકારાત્મક શરૂઆત કરવા માટે વિચારશે. 2025 ભારત માટે ઘણ મહત્વની ટૂર્નામેન્ટોથી ભરેલું હશે, જેમાં ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 ફેબ્રુઆરીમાં યોજાવાની છે, ત્યારબાદ જો ક્વોલિફાય થાય તો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ફાઈનલ અને ઈંગ્લેન્ડમાં સૌથી મહત્વપૂર્ણ ટેસ્ટ સીરિઝ સામેલ છે.

તાજેતરના સમયમાં ફોર્મ માટે સંઘર્ષ કરી રહેલા સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માના રેડ-બોલના ભાવિ વિશે પણ વર્ષ વધુ સ્પષ્ટતા આપશે. ઓસ્ટ્રેલિયા સામે ચાલી રહેલી સીરિઝમાં ભારત 1-2થી પાછળ છે, ત્યારે આ જોડી માટે ભવિષ્ય શું છે તેની વ્યાપક ચર્ચાઓ થઈ રહી છે . તે જોવાનું બાકી છે કે શું ભારત સીરિઝ હારી જાય અને WTC ફાઈનલમાં પ્રવેશ ન કરે પછી પણ આ જોડીને આગળ વધવા દેવામાં આવશે કે કેમ.

જ્યારે ભારતના માજી મુખ્ય કોચ રવિ શાસ્ત્રીને લાગે છે કે કોહલીએ ભારતને ટેસ્ટ ક્રિકેટમાં હજુ ઘણું આપવાનું બાકી છે , ત્યારે ભારતીય સુકાની રોહિત શર્માને તેવું સમર્થન મળ્યું નથી અને તેના સ્થાને જસપ્રીત બુમરાહ તેની પાસેથી બાગડોર સંભાળવા માટે તૈયાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. તેથી, 2025 આ બંનેમાંથી ઓછામાં ઓછા એક માટે સૌથી લાંબા ફોર્મેટમાં રસ્તાનો અંત  હોય તેવું સારી રીતે જોઈ શકાય છે. જો કે, ઓગસ્ટમાં નિર્ધારિત ઈંગ્લેન્ડના નિર્ણાયક પાંચ મેચની ટેસ્ટ પ્રવાસ સાથે નિર્ણય પર પહોંચતા પહેલા કેટલીક લાંબી ચર્ચાઓ થશે કારણ કે ભારત સીરિઝમાં સંપૂર્ણપણે બિનઅનુભવી બેટિંગ લાઇનઅપ લઇ જવાનું જોખમ લેવા તૈયાર નથી.

### ચેમ્પિયન્સ ટ્રોફી 2025 વન ડે ઇન્ટરનેશનલનો રોડમેપ નક્કી કરશે

ટેસ્ટ ક્રિકેટ પછી, મહત્વની એવી ચેમ્પિયન્સ ટ્રોફી પર તમામનું ધ્યાન કેન્દ્રિત થશે કારણ કે ભારત 2023માં ઘરઆંગણે વર્લ્ડકપ જીતવામાં નિષ્ફળ રહ્યા બાદ વન ડે ઈન્ટરનેશનલના તાજ માટે ભૂખ્યું હશે. જવાબદારી ફરી એકવાર બેટિંગ દિગ્ગજ કોહલી પર રહેશે અને રોહિત ભારત તરીકે વધુ એક ICC ઈવેન્ટમાં ફેવરિટ તરીકે પ્રવેશ કરશે. વન ડે વર્લ્ડકપ 2023થી, આ બંનેએ ઓગસ્ટ 2024માં શ્રીલંકા સામે માત્ર એક વન ડે ઈન્ટરનેશનલ સીરિઝ રમી છે. જ્યારે રોહિતે તેના સામાન્ય શ્રેષ્ઠ દેખાવને જોતા, ત્રણ ઈનિંગ્સમાં 52.33 ની એવરેજ અને 141.44 ની સ્ટ્રાઈક રેટ સાથે બે અર્ધસદી સાથે 157 રન બનાવ્યા. , કોહલી ત્રણ ઈનિંગ્સમાં માત્ર 58 રન સાથે તેના શ્રેષ્ઠ સંચયથી દૂર દેખાતો હતો. આથી જો ભારત ચેમ્પિયન્સ ટ્રોફી નહીં જીતે તો તેમના ફોર્મ પર સવાલો ઉભા થઈ શકે છે. જ્યાં સુધી વન ડે ઈન્ટરનેશનલનો સંબંધ છે, બંને ખેલાડીઓ દક્ષિણ આફ્રિકામાં વર્લ્ડકપ 2027 સુધી રમવાની ઈચ્છા ધરાવીને પોતાને આ પ્રસિદ્ધ ટાઈટલ જીતવાની બીજી તક આપવા માટે તૈયાર હોઈ શકે છે. જો કે, તેમના ફોર્મ અને તેમની ક્ષમતાઓમાં ટીમ મેનેજમેન્ટના વિશ્વાસ પર ઘણું નિર્ભર રહેશે. ગૌતમ ગંભીર યુગમાં પહેલાથી જ રવિચંદ્રન અશ્વિનમાં સુપ્રસિદ્ધ ક્રિકેટ કારકિર્દીનો અનૌપચારિક અંત જોયો છે. તે એક સંકેત હોઈ શકે છે કે જો ટીમનું પ્રદર્શન સતત ઉતાર પર જતું રહે તો આપણે ઘણા વધુ શાંત ગુડબાય માટે આગળ વધી શકીએ છીએ.



**ટુ ધ પોઈન્ટ**

> 2025માં ચેમ્પિયન્સ ટ્રોફી અને કેટલીક નિર્ણાયક ટેસ્ટ સીરિઝ સાથે, ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમ નવા વર્ષમાં સ્પોટલાઇટમાં હશે. એક દાયકામાં પ્રથમ વખત, ટીમ સંક્રમણના તબક્કાનો સામનો કરી રહી છે, જેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અનુભવી સીનિયર ખેલાડીઓના ભાવિ પર પ્રશ્નો ઉભા થયા છે. T20 ઇન્ટરનેશનલમાંથી બંનેએ પહેલાથી નિવૃત્તિ લઇ લીધી છે અને ટેસ્ટમાં તેમના હાલના પ્રદર્શને પણ સવાલ ઊભા કર્યા છે.

### T20I 2026  તેમના તાજને બચાવવા માટે ટ્રેક પર છે

જ્યાં સુધી T20Iનો સંબંધ છે, ટીમ પહેલેથી જ સંક્રમણ મોડમાં છે, જે T20 વર્લ્ડકપ 2024 પછી શરૂ થઈ જ્યારે કોહલી અને રોહિત આ ફોર્મેટમાંથી નિવૃત્ત થયા. સંજુ સેમસન, તિલક વર્મા, અભિષેક શર્મા અને અર્શદીપ સિંહ જેવા ખેલાડીઓ પહેલાથી જ ફોર્મેટમાં તેમની ક્ષમતા સાબિત કરી ચૂક્યા છે અને મેનેજમેન્ટની ઓલઆઉટ એટેક ફિલોસોફીને આગળ લઈ રહ્યા છે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળ, યુવા બ્રિગેડ 2026  ઘરઆંગણે ટાઈટલ ડિફેન્ડ માટે તૈયારી કરવાનું ચાલુ રાખશે. આથી, 2025 ભારતીય પુરૂષ ક્રિકેટ માટે વધુ એક એક્શન-પેક્ડ વર્ષ સાબિત થઈ શકે છે અને ચાહકો તેમની કેબિનેટમાં બીજી ICC ટ્રોફીના ઉમેરાની આશા રાખશે. વર્ષ કેટલાક દિગ્ગજો માટે રસ્તાનો અંત પણ જોઈ શકે છે, પરંતુ ભારતીય ક્રિકેટની સુધારણા મેનેજમેન્ટ અને ચાહકો બંને માટે સર્વોચ્ચ રહેશે. એક દાયકામાં પ્રથમ વખત, ટીમ સંક્રમણના તબક્કાનો સામનો કરી રહી છે, જેમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અનુભવી સીનિયર ખેલાડીઓના ભાવિ પર પ્રશ્નો ઉભા થયા છે. T20 ઈન્ટરનેશનલમાંથી બંનેએ પહેલાથી નિવૃત્તિ લઈ લીધી છે અને ટેસ્ટમાં તેમના હાલના પ્રદર્શને પણ સવાલ ઊભા કર્યા છે અને તેમની નિવૃત્તિ નજીક હોવાના ભણકારા વાગી રહ્યા છે.



# અશ્વિનની આંચકાજનક નિવૃત્તિ અને MCGની હાર પછી ગૌતમ ગંભીર અને રોહિત શર્મા BCCIની વરૂણીમાં

વર્ષ 2024 ભારતીય ક્રિકેટ ટીમ માટે એક વિચિત્ર નોંધ પર સમાપ્ત થયું, નબળા પરિણામોના કારણે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની અંતિમ ક્વોલિફિકેશનની તકોને નુકસાન પહોંચ્યું છે. પહેલા ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે વ્હાઈટવોશ અને પછી એડિલેડ અને મેલબોર્નમાં બેવડી હારથી ટીમનું ભાવિ સંતુલિત થઈ ગયું. જ્યારે સીરિઝમાં હજુ એક મેચ બાકી છે ત્યારે આકરી વાટાઘાટો થવાની શક્યતા નથી, પણ ગૌતમ ગંભીર અને રોહિત શર્માની કોચ-કેપ્ટન જોડીની તાજેતરના પરિણામો પર બીસીસીઆઈના ટોચના મેનેજમેન્ટ દ્વારા પૂચ્છા કરવામાં આવે તેવી શક્યતા તો છે જ. રોહિત શર્માની ટેસ્ટમાંથી નિવૃત્તિનો વિષય બે કારણોસર ચર્ચામાં રહે છે. પ્રથમ, ઓપનિંગ બેટરે ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવા માટે જરૂરી રન બનાવ્યા નથી. બીજું, જસપ્રીત બુમરાહે સુકાની તરીકે પોતાની ઓળખ બતાવી દીધી હોવાથી BCCIએ પસંદગી સમિતિને સંક્રમણ પ્રક્રિયા ઝડપી બનાવવા દબાણ કર્યું હોવાનું લાગી રહ્યું છે.

**સ્પેશિયલ રિપોર્ટ**

> ભારતીય ક્રિકેટમાં તાજેતરના પરિણામો અંગે BCCI દ્વારા ગૌતમ ગંભીર અને રોહિત શર્માને સવાલો કરવામાં આવે તેવી સંભાવનાઓ તો છે જ પણ સાથે જ રવિચંદ્રન અશ્વિનની આંચકાજનક નિવૃત્તિ અંગે પણ તેમની સામે સવાલો થવાની શક્યતાઓ છે.

ઘણા પંડિતો રોહિતના સૌથી લાંબા ફોર્મેટમાંથી બહાર નીકળવાની ચર્ચા કરી રહ્યા છે, ખાસ કરીને ટીમમાં ઓપનર તરીકે પોતાની જગ્યા બનાવવા માટે તેણે MCG ખાતે પ્લેઈંગ ઈલેવનમાંથી શુભમન ગિલનું બલિદાન લીધા પછી આ ચર્ચા વધુ ઉગ્ર બની છે. ઓસ્ટ્રેલિયન બેટિંગ દિગ્ગજ માર્ક વોએ કહ્યું હતું કે જો હું પસંદગીકાર હોત, તો તે બીજી ઈનિંગ્સમાં શું થાય છે તેના પર નિર્ભર હતું, પરંતુ જો તે રન ન બનાવે તો હું કહીશ, રોહિત, તમારી સેવા માટે આભાર. તમે મહાન ખેલાડી છે, પરંતુ અમે જસપ્રિત બુમરાહને SCG માટે કેપ્ટન તરીકે લાવવા જઈ રહ્યા છીએ. ચોથી ટેસ્ટમાં ભારતની હાર બાદ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા રોહિતે ટીમમાં તેની સ્થિતિને લઈને દિલમાં ફેરફાર કર્યો હોય તેવું લાગતું ન હતું. તેણે કહ્યું હતું કે હું આજે જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. ભૂતકાળમાં શું થયું છે તેના વિશે વિચારવા જેવું કંઈ નથી. દેખીતી રીતે, થોડા પરિણામો અમારા માર્ગે ગયા નથી. એક કેપ્ટન તરીકે તે નિરાશાજનક છે. હા, એક બૅટર તરીકે પણ, ઘણી બધી વસ્તુઓ જે હું કરવાનો પ્રયાસ કરી રહ્યો છું તે યોગ્ય નથી થઈ રહ્યું. પરંતુ, માનસિક રીતે, તે કોઈ શંકા વિના ખલેલ પહોંચાડે છે. જો તમે અહીં આવ્યા છો, તો તમે જે ધારો છો તે સફળતાપૂર્વક કરવા માગો છો. જો તે ન થાય તો તે એક મોટી નિરાશા છે.

એ પણ નોંધનીય છે કે રોહિત ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લી 15 ઈનિંગ્સમાં માત્ર 164 રન જ બનાવી શક્યો છે, જેની સરેરાશ 11થી ઓછી છે. બીજી તરફ ગિલ પાસે ઓછામાં ઓછા બમણા સારા નંબર હતા. તેમ છતાં, મેલબોર્નમાં તેણે બેન્ચ ગરમ કરવી પડી. ગંભીરે રાહુલ દ્રવિડની જગ્યાએ ભારતના મુખ્ય કોચ તરીકે હોદ્દો ગ્રહણ કર્યો ત્યારથી ઘણા આઘાતજનક પરિણામો સામે આવ્યા છે. પછી તે શ્રીલંકા સામેની વનડે સીરિઝની હાર હોય, ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણે ટેસ્ટ સ્વીપ હોય અને હવે ઓસ્ટ્રેલિયામાં થયેલા પરિણામોને કારણે ભારત વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલ રેસમાંથી બહાર થઈ જવું હોય. ટીમની પસંદગીની કેટલીક બાબતોએ પણ ગંભીરને સ્પોટલાઈટમાં મૂક્યો છે. જોકે, અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્લેઈંગ ઈલેવનની પસંદગીમાં કોચની કોઈ ભૂમિકા નથી. બ્રિસ્બેનમાં ત્રીજી ટેસ્ટ બાદ રવિચંદ્રન અશ્વિનની અચાનક નિવૃત્તિમાં ગંભીરની ભૂમિકા પર પણ સવાલો ઉઠ્યા છે પરંતુ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ નિર્ણયમાં કોચનો કોઈ હાથ નથી. વાસ્તવમાં, ગંભીર અને અશ્વિનનો સાથ ખૂબ જ સારો હતો. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી સમાપ્ત થાય ત્યારે BCCI ટોચના અધિકારીઓ દ્વારા પૂછવામાં આવેલા કેટલાક અઘરા પ્રશ્નોના જવાબ આપતા રોહિત અને ગંભીર બંને પોતાને સ્પોટલાઈટમાં જોઈ શકે છે.



# નીતિશ રેડ્ડીઃ મધ્યમ વર્ગના પરિવારના બલિદાનમાંથી ઉપજેલું રત્ન

21 વર્ષના અન્ય યુવાનોની જેમ, નીતીશ રેડ્ડીને પણ તેના ટેટૂઝ ખૂબ જ પસંદ છે જે તેને ક્રિકેટ રમવાના તેમના સપનાને પૂરા કરવા માટે છેલ્લા 10 વર્ષમાં તેમના પરિવારે જે મુશ્કેલીઓનો સામનો કર્યો છે તેની યાદ અપાવે છે. રેડ્ડી માટે ક્રિકેટર બનવું એ પસંદગી અને મજબૂરી બંને હતી. તે તેના માતા-પિતા માટે કંઈક કરવા માંગતો હતો, જેમણે પોતાના પુત્રનું ભારત માટે રમવાનું સપનું પૂરું કરવા સખત મહેનત કરી હતી. આ મધ્યમવર્ગીય પરિવારે રેડ્ડીને ઉંચી ઉડાન આપવા માટે લગામ મુક્ત રાખ્યો. આ માટે, તેમણે તેમની આવકનો મોટો હિસ્સો તેમના પુત્રના સ્વપ્નને સાકાર કરવા માટે રોકાણ કરવાનો જુગાર રમ્યા, પરંતુ હવે તેમને તેનો કોઈ અફસોસ નથી. આ વર્ષે જ્યારે રેડ્ડીની ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી ત્યારે તેણે કહ્યું હતું કે 'મારી પ્રતિભા પર વિશ્વાસ કરવા બદલ તેમની મજાક ઉડાવનારાઓની નજરમાં હું મારા પિતા માટે સન્માન જોવા માંગુ છું.' નીતિશે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા સામેની ચોથી ટેસ્ટ મેચમાં કેરિયરની પ્રથમ સદી પૂરી કર્યા બાદ 'સલાર' શૈલીમાં ઉજવણી કરી હતી. આ તેના પિતા મુત્યાલા માટે તેનો આદર હતો, જેઓ તેમના પુત્રને ભારતીય ટીમના ડગ આઉટની પાછળથી આ શાનદાર ઈનિંગ્સ રમતા જોતા હતા. આ સફર માત્ર નીતિશ વિશે જ નહીં, પરંતુ તેના પિતાના બલિદાન અને તેમનો પુત્ર વિશેષ હોવાની માન્યતા વિશે પણ હતી. જ્યારે નીતિશ 12 વર્ષનો હતો ત્યારે તેના પિતાએ તેના સપનાને સાકાર કરવા હિન્દુસ્તાન ઝિંક પાસેથી સ્વૈચ્છિક નિવૃત્તિ (VRS) લીધી હતી. તેમણે ઉદયપુર છોડવાનું પણ નક્કી કર્યું કારણ કે તેઓ જાણતા હતા કે શહેરમાં તેમના પુત્રને ક્રિકેટર તરીકે શ્રેષ્ઠ દેખાવ કરવામાં મદદ કરવા માટે સુવિધાઓ અને કોચિંગ નથી.તેમણે 'માઈક્રો ફાઈનાન્સિંગ'નો પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે 20 લાખ રૂપિયાનું રોકાણ કર્યું. પરંતુ તેમના જે મિત્રોએ તેમની પાસેથી લોન લીધી હતી તેમણે તે ક્યારેય પરત ન કરી જેના કારણે તેમને ભારે નુકસાન સહન કરવું પડ્યું. નીતિશે તે સમયે કહ્યું હતું કે, "12 વર્ષની ઉંમરે પણ હું બધું સમજી ગયો હતો. મેં મારી જાતને એક વચન આપ્યું હતું કે માત્ર એક જ વસ્તુ મારા પિતાની પ્રતિષ્ઠાને બચાવી શકે છે અને તે છે ભારત માટે રમવું. આ તે સમય હતો જ્યારે તે વર્ષમાં માત્ર એક જ બેટ ખરીદી શકતો હતો. તે સમયે એક સારા અનુભવી અંગ્રેજી વિલોની કિંમત 15,000 રૂપિયાની આસપાસ હતી. હવે ઈન્ટરનેશનલ ખેલાડીઓ માટેનીએ બેટની કિંમત લગભગ 50 હજાર રૂપિયા છે.

નીતિશની સદી પછી તેના પિતા મુત્યાલા લાગણીઓમાં વહી ગયા. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની બહાર પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે હું તમને કહી શકતો નથી કે હું કેટલો ખુશ છું. વિરાટ (કોહલી) સરે તેને સખત મહેનત કરવા કહ્યું છે. નીતિશને થોડા વર્ષો પહેલા બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) દ્વારા શ્રેષ્ઠ અંડર-16 ક્રિકેટર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો અને તેણે બેંગલુરુમાં વાર્ષિક એવોર્ડ સમારોહમાં હાજરી આપી હતી. આખી ભારતીય ટીમ આ કાર્યક્રમમાં હાજર હતી અને 14 વર્ષનો યુવાન કોહલી અને તેની પત્ની અનુષ્કા સાથે સેલ્ફી લેવા માટે બેતાબ હતો, જેઓ હોટલની લિફ્ટ પાસે રાહ જોઈ રહ્યા હતા.કોહલી ઉતાવળમાં હતો પરંતુ તેણે યુવા ખેલાડીના દિલની વાત સાંભળી અને તે યુવા નીતિશ માટે યાદગાર ક્ષણ બની ગઈ. હવે સારા પ્રદર્શન માટે તેની પ્રેરણામૂર્તિ દ્વારા પ્રશંસા મેળવવી એ તેના માટે એક અવિસ્મરણીય સ્મૃતિ છે. રેડ્ડીના પરિવારે આંધ્ર ક્રિકેટ એસોસિએશનના ભૂતપૂર્વ વડા એમએસકે પ્રસાદનો પણ તેમની વિશાખાપટ્ટનમમાં અદ્યતન એકેડમીમાં નોંધણી કરાવવા બદલ આભાર માન્યો હતે. નીતિશને 2023માં ભારતની ઈમર્જિંગ એશિયા કપની ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ થોડી મેચ રમ્યા બાદ તેને પડતો મૂકવામાં આવ્યો હતો. આનાથી તેને અહેસાસ થયો કે તેને ઈન્ટરનેશનલ લેવલે  પોતાની ઓળખ બનાવવા માટે કંઈક અલગ કરવાની જરૂર છે. નીતિશે કહ્યું હતું કે મેં નેટમાં વધુ સમય વિતાવવાનું શરૂ કર્યું અને કેટલાક સાઈડ આર્મ



**સ્પેશિયલ કોમેન્ટ**

> ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટેની ટેસ્ટ ટીમમાં જ્યારે નીતિશ રેડ્ડીનો સમાવેશ કરાયો ત્યારે સુન્લિ ગાવસ્કર સહિતના કેટલાક માજી દિગ્ગજોએ તેની સામે સવાલો ઉઠાવ્યા હતા. જો કે નીતિશે પહેલી ટેસ્ટથી જ પોતાની સામે ઉઠાવાયેલા સવાલનો જવાબ આપવાનું શરૂ કરી દીધું હતું અને એમસીજી પર સદી ફટકાર્યા પછી તેણે કહ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટમાં મારી ક્ષમતા પર શંકા કરનારા ટીકાકારોને ખોટા સાબિત કરવા માગું છું.

(થ્રોડાઉન) નિષ્ણાતોની સેવાઓ પણ લીધી અને એક મહિના સુધી પ્રેક્ટિસ કરી. આ વર્ષે IPLમાં આ પ્રેક્ટિસ ખૂબ જ ફાયદાકારક રહી અને હવે હું લાંબી સિક્સર મારી શકતો હતો. નીતિશને પર્થમાં તેની પ્રથમ ટેસ્ટ મેચ રમવાની તક મળી હતી જ્યાં તેણે બે શાનદાર ઈનિંગ્સ રમી હતી અને તેની ક્ષમતાનું ઉજ્જવળ ઉદાહરણ રજૂ કર્યું હતું અને તે પછી તેણે પાછળ વળીને જોયું નથી. તે હવે ભારતના વર્તમાન ઓસ્ટ્રેલિયા પ્રવાસની શોધ બની ગયો છે. નીતિશ રેડ્ડી તેના ટીકાકારોને ખોટા સાબિત કરવા માંગતા હતા જેમણે ટેસ્ટ ફોર્મેટમાં તેની ક્ષમતા પર શંકા કરી હતી અને એમસીજીના પ્રતિષ્ઠિત મેદાન પર સદી ફટકારીને તેણે સંદેશ આપ્યો હતો કે તે ક્રિકેટના સર્વોચ્ચ સ્તરનો ખેલાડી છે. માજી મુખ્ય પસંદગીકાર સહિત કેટલાક માજી ખેલાડીઓ નીતિશના ટેસ્ટ ખેલાડી તરીકે ઉભરી આવવા અંગે શંકાસ્પદ હતા.

પરંતુ તેણે 58થી વધુની બેટિંગ એવરેજ સાથે છ ઈનિંગ્સમાં 293 રન બનાવીને તે બધાને યોગ્ય જવાબ આપ્યો છે. નીતિશની 114 રનની ઈનિંગની મદદથી ભારત પ્રથમ ઈનિંગમાં 369 રન બનાવવામાં સફળ રહ્યું હતું. આ સદીની મદદથી યુવા બેટ્સમેને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. નીતિશે સદી પછી કહ્યું હતું કે કેટલાક લોકોને મારા પર શંકા હતી કે જાણે IPL રમી રહેલો યુવા ખેલાડી આટલી મોટી સીરિઝમાં પ્રદર્શન ન કરી શકે. હું જાણું છું કે ઘણા લોકોએ આવી વાત કરી છે. હું માત્ર તેમને એ અહેસાસ કરાવવા માંગુ છું કે તેઓએ મારા વિશે જે પણ કહ્યું તે ખોટું છે અને હું તે જ કરી રહ્યો છું. હું લોકોને કહેવા માંગુ છું કે હું અહીં ભારતીય ટીમ માટે મારું 100 ટકા આપવા આવ્યો છું.